# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## પ્રકાશન સમિતિની ૨૩મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની પ્રકાશન સમિતિની ૨૩મી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ સમિતિની બેઠક Online/Offline એમ બંને માધ્યમમાં તા.૧૨/૦૨/૨૦૨૪નાં રોજ સાંજે ૦૫:૦૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ, માન.કુલપતિશ્રી, (સમિતિ અધ્યક્ષશ્રી)
(૨) પ્રો. (ડૉ.) લલિતકુમાર એ.પટેલ, સભ્યશ્રી
(૩) પ્રિ. ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, સભ્યશ્રી
(૪) ડૉ. દશરથ જાદવ, સભ્યશ્રી
(૫) પ્રો. વિનોદ કુમાર ઝા, સભ્યશ્રી
(૬) શ્રી દુર્ગાશંકર રાજગોર, સભ્યશ્રી
(૭) ડૉ. ભગવતીબેન ડાભી, સભ્યશ્રી
(૮) ડૉ. કાર્તિક પંડ્યા, સભ્યસચિવશ્રી

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૯) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. અંતે, માન.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

૧. પ્રો. વિનોદ કુમાર ઝાજીની અધ્યક્ષતામાં આયોજિત वाक्यार्थपरिषद् – २०२१-२०२२માં પ્રસ્તુત લેખોની બાહ્ય સમીક્ષાના આધારે પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

૨. ડૉ.ગૌતમ પટેલજી દ્વારા રચિત અને સંપાદિત એવા ગ્રંથ "श्रीसद्गुरुदेवशतकम्"ની બાહ્ય સમીક્ષાના આધારે પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

૩. ડૉ.ડી.એમ.મોકરીયા અને ડૉ.જીગર ભટ્ટ દ્વારા સંપાદિત સાહિત્ય વિષયક "સંસ્કૃત સાહિત્યમાં ગુજરાતનું યોગદાન" આંતરરાષ્ટ્રિય વેબિનારમાં પ્રાપ્ત લેખોની બાહ્ય સમીક્ષાના આધારે પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

૪. ડૉ.શત્રુઘ્ન પાણિગ્રાહી તથા ડૉ.વિપુલભાઈ જાદવ દ્વારા સંપાદિત વેદ વિષયક "वेदाध्ययनम् आधुनिकसमाजश्च" વિષયક રાષ્ટ્રિય વેબિનારમાં પ્રાપ્ત લેખોની બાહ્ય સમીક્ષાના આધારે પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL

Scanned with ACE Scanner

૫. ડૉ.જાનકીશરણ આચાર્ય અને ડૉ. બી. ઉમા મહેશ્વરી દ્વારા રચિત અને સંપાદિત એવા ગ્રંથ "तर्कभाषा"ની બાહ્ય સમીક્ષાના આધારે પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવોનાં સૂચનો -**

૬. તા.૦૯-૧૦-૨૦૨૩ના રોજ ડૉ. પ્રકાશ વી. જોષીની આવેલ અરજી બાબતે ચર્ચા કરતા अभिज्ञानशाकुन्तलम् ગ્રંથની ૨૪૭ નકલો અને मुद्राराक्षसम् ગ્રંથની ૨૪૦ નકલો વેચાયેલ ન હોય/અનસોલ્ડ હોય, તેની સંશોધિત આવૃત્તિ અથવા અન્ય પ્રકાશક પાસેથી પ્રકાશનની મંજૂરી ન આપવા સમિતિ ભલામણ કરે છે.

૭. માન.કુલપતિશ્રીના વરદહસ્તે આગામી કાર્યક્રમમાં (૧૬માં પદવીદાન સમારોહ બાદ) सोमज्योतिः अङ्कः ૩૭ અને तर्कभाषा ગ્રંથનું વિમોચન કરવા સમિતિ ભલામણ કરે છે.

૮. शोधज्योतिः अङ्कः ૫ માટે ૧૦૦ જેટલા સંશોધન લેખો પ્રકાશન માટે સમીક્ષા થઈ આવેલ હોય, તેને વાર્ષિકના સ્થાને છ માસિક (Bi-annual/6-Monthly) ગાળામાં નિયમાનુસાર પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે. યુનિવર્સિટી સ્ટાફને પ્રાધાન્ય આપવાનો નિર્ણય થયેલ છે.

બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ.કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી

Scanned with ACE Scanner